ગાંધીજીના આદર્શો યાદ કરી નાગરિકોને સ્વચ્છતા ઝુંબેશમાં જોડાવા આહ્વાન કર્યું

વીએમસીમાં રાષ્ટ્રપિતા ગાંધીજીને શ્રદ્ધાસુમનઃ સત્ય અને અહિંસાના વિચારોને જીવનમાં ઉતારવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

બીજી ઓક્ટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગરપાલિકાના પરિસરમાં આવેલી પૂજ્ય બાપુની પ્રતિમાને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાસુમન અર્પિત કરવામાં આવ્યા હતા.

આ ઉજવણી પ્રસંગે વડોદરાના મેયર ગીતાબેન મકવાણા, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લ, શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોની, વિવિધ પદાધિકારીઓ, કાઉન્સિલરો, પાલિકાના અધિકારીઓ તેમજ કોંગ્રેસના અગ્રણીઓ અને શહેરના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતાં મેયર ગીતાબેન મકવાણાએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાના માર્ગે દેશની આઝાદીની લડતમાં અભૂતપૂર્વ ભૂમિકા ભજવી હતી. તેમણે ઉમેર્યું હતું કે ગાંધીજીએ સ્વચ્છતા પર હંમેશાં ખાસ ભાર મૂક્યો હતો, તેથી તેમના વિચારોને જીવનમાં ઉતારીને સ્વચ્છતા ક્ષેત્રે આગળ વધવું એ જ બાપુને સાચી શ્રદ્ધાંજલિ છે.

મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ પોતાના વક્તવ્યમાં ગાંધીજીના મૂલ્ય આધારિત જીવન અને દેશવ્યાપી સ્વચ્છ ભારત અભિયાનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વડોદરાના સમગ્ર જનસમુદાયને સમગ્ર વર્ષ દરમિયાન શહેરને સ્વચ્છ, સુંદર અને હરિયાળું રાખવા માટે સક્રિયપણે સહભાગી બનવા અપીલ કરી હતી.

તેવી જ રીતે, વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લ અને શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીએ ગાંધીજીના સત્ય, અહિંસા, સ્વદેશી અને સ્વચ્છતાના આદર્શોને દૈનિક જીવનમાં અપનાવવા અનુરોધ કર્યો હતો. ઉપસ્થિત વક્તાઓએ વિશ્વમાં વર્તમાન સમયે શાંતિ અને સદ્ભાવના જાળવવા માટે બાપુએ બતાવેલા અહિંસાના માર્ગને સૌથી વધુ પ્રાસંગિક ગણાવ્યો હતો.

ગાંધી જયંતીએ વ્યસનમુક્ત સમાજનો સંકલ્પ

'Say No To Drugs'ના સંદેશ સાથે વડોદરા પોલીસની ડ્રગ્સ મુક્તિ માટે વોકેથોન

પોલીસ, મ.સ.યુનિ.ના વિદ્યાર્થીઓ અને નાગરિકો જોડાયા


JUNE 26
WORLD DRUG DAY
GLOBAL ACTION FOR HEALTHY COMMUNITIES WITHOUT DRUGS
NO DRUGS
VADODARA CITY POLICE
"QUIT SMOKING"
Before it forces the life to quit your body.

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ગાંધી જયંતીના પાવન અવસરે વડોદરા શહેર પોલીસ દ્વારા ડ્રગ્સ મુક્ત અને વ્યસન મુક્ત સમાજના સંકલ્પ સાથે વિશાળ વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ ઉપરાંત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, સામાજિક સંસ્થાઓ, NGOના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

વોકેથોન દરમિયાન સહભાગીઓએ Say No To Drugs , Say No To Tobacco, વ્યસન છોડો, જીવન અપનાવો' અને નશા મુક્ત યુવા, સશક્ત ભારત' જેવા સંદેશ લખેલા બેનરો અને પોસ્ટરો સાથે શહેરમાં જનજાગૃતિ ફેલાવી હતી. વોકેથોન MS યુનિવર્સિટીના મુખ્ય ગેટથી શરૂ થઈ સયાજીબાગ ખાતે આવેલા એમ્ફી થિયેટર સુધી પહોંચી હતી. કાર્યક્રમ દરમિયાન પોલીસ કમિશનરે વિદ્યાર્થીઓને ડ્રગ્સ, તમાકુ અને અન્ય નશીલા પદાર્થોથી દૂર રહેવા અપીલ કરી હતી. તેમણે યુવાનો દેશનું ભવિષ્ય હોવાનું જણાવી વ્યસનમુક્ત યુવા પેઢી દ્વારા સ્વસ્થ અને સશક્ત સમાજના નિર્માણ પર ભાર મૂક્યો હતો. સાથે જ યુનિવર્સિટીના પ્રોફેસરો અને શિક્ષકોને વિદ્યાર્થીઓની વર્તણૂક અને આદતો પર નજર રાખવા તથા કોઈપણ પ્રકારની કુટેવ જણાય તો વાલીઓને સમયસર જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. વોકેથોન પૂર્ણ થયા બાદ એમ્ફી થિયેટર ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ ડ્રગ્સ, તમાકુ અને અન્ય વ્યસનોથી દૂર રહેવા તેમજ સમાજમાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

સિંગવડમાં ગ્રામસભામાં સુવિધાઓના પ્રશ્નો ઉઠ્યા

સિંગવડ : તાલુકાના સિંગવડ ગ્રામ પંચાયતમાં ગાંધી જયંતી અને લાલ બહાદુર શાસ્ત્રી જયંતી નિમિત્તે ગ્રામસભા યોજાઈ હતી. ગ્રામજનોએ આર.સી.સી. રોડ, સ્ટ્રીટ લાઈટ સહિતની સુવિધાઓની રજૂઆત કરી હતી. એમએલએ ગ્રાન્ટનું પાણીનું ટેન્કર પરત આપવા 10 દિવસની મુદત અપાઈ હતી. પોલીસ દ્વારા સાયબર ક્રાઈમથી બચવા 1930 પર ફરિયાદ કરવા અપીલ કરાઈ હતી.

ગાંધી જયંતિએ ગોત્રી તળાવ ખાતે સ્વચ્છતા અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરના પશ્ચિમ ઝોનના વોર્ડ નં.10માં ગાંધી જયંતિના અવસરે 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત ગોત્રી તળાવ પરિસરમાં વિશેષ સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ્યથી યોજાયેલી ઝુંબેશમાં વોર્ડ નં.10ની સેનેટરી ટીમ, ગાયત્રી આશ્રમના સભ્યો તથા સ્વયંસેવકો જોડાયા હતા.

સૌએ સાથે મળીને ગોત્રી તળાવ અને આસપાસના વિસ્તારમાં શ્રમદાન કરી સઘન સફાઈ કામગીરી હાથ ધરી હતી. અભિયાનનો હેતુ માત્ર સફાઈ કરવાનો નહીં, પરંતુ નાગરિકોમાં પર્યાવરણ જાળવણી અને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો પણ હતો. કાર્યક્રમમાં સ્વચ્છતા એક દિવસની ઝુંબેશ નહીં, પરંતુ દરેક નાગરિકની નૈતિક જવાબદારી હોવાનું ભારપૂર્વક જણાવાયું હતું. અંતે ઉપસ્થિત સૌએ વડોદરા સહિત દેશને સ્વચ્છ અને સુંદર બનાવવા સતત પ્રયાસ કરવાનો સંકલ્પ લીધો હતો.

નાંદરખા આંગણવાડીમાં 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) કાલોલા તા.2

સેવા પખવાડિયા અંતર્ગત કાલોલ-2 ઘટકના નાંદરખા આંગણવાડી કેન્દ્ર, કરોલી ખાતે 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં 1થી 3 વર્ષના તંદુરસ્ત બાળકોને ઈનામ તથા બાળકોને સુખડી અને કેળાનું વિતરણ કરાયું હતું. કિશોરી, સગર્ભા અને ધાત્રી માતાઓને મુખ્યમંત્રીનો સંદેશ અપાયો હતો. નાંદરખા સહિત ચાર આંગણવાડી કેન્દ્રના કાર્યકર, તેડાગર અને આશા બહેનોને પ્રમાણપત્ર તથા શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા.

ગાંધી જયંતિ નિમિત્તે વડોદરા રેલવે યુનિટ દ્વારા કાર્યક્રમ યોજાયો

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ રેલવે પોલીસે 229 મોબાઈલ માલિકોને પરત કર્યા

પોલીસે રૂ.48.04 લાખની કિંમતના ચોરી-ગુમ થયેલા મોબાઈલ CEIR, ટેકનિકલ સર્વેલન્સ અને CCTVની મદદથી શોધી કાઢ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ગાંધી જયંતિ નિમિત્તે પશ્ચિમ રેલવે વડોદરા યુનિટ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન કરી રેલવે મુસાફરોના ચોરી તેમજ ગુમ થયેલા 229 મોબાઈલ કિંમત રૂ.48.04 લાખ થાય છે, તે શોધી કાઢી મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. મોબાઈલ પરત મળતાં મુસાફરોના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

પશ્ચિમ રેલવે વડોદરા યુનિટના તમામ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ચોરી તથા ગુમ થયેલા મોબાઈલ ફોન અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે CEIR પોર્ટલ, ટેકનિકલ સર્વેલન્સ, CCTV કેમેરાના ફૂટેજ તેમજ અન્ય ટેકનિકલ માધ્યમોનો ઉપયોગ કરી મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. અધિક પોલીસ મહાનિર્દેશક કે.એન. ડામોર, પોલીસ અધિક્ષક અભય સોની, નાયબ પોલીસ અધિક્ષક જી.એસ. બારીયા તેમજ ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક જી.એસ. શ્યાનના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી. ગાંધી જયંતિના દિવસે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ચોરી અને ગુમ થયેલા મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને પરત કરી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમને સાર્થક કરવામાં આવ્યો હતો. રેલવે પોલીસની આ કામગીરીથી પોલીસ પ્રજા માટે અને પ્રજાની મિલકતની સુરક્ષા માટે સતત કાર્યરત છે તેવો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. પશ્ચિમ રેલવે વડોદરા યુનિટ દ્વારા મુસાફરોની સલામતી, સુરક્ષા તેમજ તેમની મિલકતના રક્ષણ માટે આવી કામગીરી ભવિષ્યમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

રક્ષા પર્વ ફાઉન્ડેશન દ્વારા ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ ફોરમનું આયોજન

અમૃતકાળ એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશ એક અલગ ઊંચાઈને આંબી જશે

આત્મનિર્ભર અને મજબૂત ભારતના સંકલ્પ સાથે કાર્યક્રમનું આયોજન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.2

આત્મનિર્ભર અને મજબૂત ભારતના સંકલ્પ સાથે રક્ષા પર્વ ફાઉન્ડેશન દ્વારા 'ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ ફોરમ 1.0 - ફ્રોમ કેપિટલ ટુ કેપેબિલિટી' વિષય પર ચર્ચાસત્ર યોજાયું હતું. ફોરમનો હેતુ MSME અને SME ઉદ્યોગ સાહસિકોને ભારતની ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમમાં રોકાણની તકો અંગે માર્ગદર્શન આપવાનો હતો.

રક્ષા પર્વ ફાઉન્ડેશનના ફાઉન્ડર અને CMD વિરલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ડિફેન્સ ક્ષેત્રે હાલ અનેક તકો ઉપલબ્ધ છે, જેના માધ્યમથી ઉદ્યોગ સાહસિકો દેશની સેનાને પરોક્ષ રીતે મદદરૂપ બની શકે છે.

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના પ્રોફેસર મનીષે જણાવ્યું હતું કે, ભારતીય મૂળના લોકો વિદેશમાં વિવિધ ક્ષેત્રે યોગદાન આપી રહ્યા છે. તેઓ ભારતીય ડિફેન્સ સેક્ટર અને નવી ટેક્નોલોજીના વિકાસમાં રોકાણ કરે તો 2047 સુધી દેશની પ્રગતિમાં યોગદાન આપી શકે છે. નવી શિક્ષણ નીતિથી વિદ્યાર્થીઓને ડિફેન્સ ક્ષેત્રની માહિતી મળી રહી છે અને કારકિર્દીની નવી તકો તરફ તેઓ આગળ વધી રહ્યા છે.

પ્રો. રાજેશ બોડાડે, નિવૃત્ત લેફ્ટનન્ટ કર્નલ સુનિલ કુમાર અને નિર્મલ પાનીકરે ડિફેન્સ ક્ષેત્રની ટેક્નિકલ, વ્યૂહાત્મક નીતિ અને રોકાણ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધી જયંતિએ કલેક્ટર કચેરીમાં સ્વચ્છતા અભિયાન યોજાયું

અધિક નિવાસી કલેક્ટરની આગેવાનીમાં અધિકારીઓ-કર્મચારીઓએ શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ અને 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વિશેષ સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. બાપુના સ્વચ્છતા અને સ્વસ્થતાના વિચારોને જીવનમાં ઉતારવા તથા સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્યથી આ અભિયાન હાથ ધરાયું હતું.

અધિક નિવાસી કલેક્ટર બી.એસ. પટેલની આગેવાની હેઠળ કલેક્ટર કચેરીની વિવિધ શાખાના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક શ્રમદાન કર્યું હતું. સવારથી જ કચેરી પરિસરમાં સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અભિયાન દરમિયાન કચેરીના વિવિધ વિભાગો, લોબી, કમ્પાઉન્ડ તેમજ આસપાસના વિસ્તારોમાં વ્યાપક સફાઈ કરવામાં આવી હતી. બિનજરૂરી કચરો અને કાગળો એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. પરિણામે કચેરી પરિસર સ્વચ્છ અને સુઘડ બન્યું હતું.

આ પ્રસંગે અધિકારીઓ અને કર્મચારીઓએ 'સ્વચ્છતા એ જ સેવા'ના સંદેશને સાકાર કરી નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અભિયાનથી કચેરીનું વાતાવરણ સ્વચ્છ બનવાની સાથે સમાજને પણ સ્વચ્છતાનો સંદેશ મળ્યો હતો.

ભવનાથ તળેટીમાં 'ગઝલ એટલે ગઝલ'નો ગુંજ્યો સાહિત્યસૂર

પુસ્તક વિમોચન અને કવિ સંમેલન

(પ્રતિનિધિ) કાલોલ તા.2

ગિરનાર તળેટીના આહ્લાદક વાતાવરણમાં તા.27 સપ્ટેમ્બર 2026ના રોજ 'ગઝલ એટલે ગઝલ' ગ્રૂપ દ્વારા સહિયારા ગઝલસંગ્રહ 'ગઝલ એટલે ગઝલ'ના વિમોચન સાથે કવિ સંમેલન યોજાયું હતું. ગુજરાત અને મુંબઈના કુલ 76 કવિઓની ગઝલ રચનાઓ ધરાવતા આ સંગ્રહના વિમોચન પ્રસંગે આશરે 50 કવિ-કવયિત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દીપ પ્રાગટ્ય બાદ કવિ મહેન્દ્રસિંહ પઢિયાર 'મરમી'એ સ્વાગત પ્રવચન કર્યું હતું. કવયિત્રી પૂર્ણિમાબેન ભટ્ટ 'શબરી'એ સંગ્રહના સંપાદન અને પ્રકાશનની પ્રક્રિયાની માહિતી આપી હતી. કવિ ભરત ભટ્ટ 'તરલ'એ ગઝલસંગ્રહની સાહિત્યિક વિશેષતાઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે વડોદરાના સર્જક ડૉ. ભાવનાબેન જોષી 'ચાંદની'ના માઈક્રોફિક્શન વાર્તાસંગ્રહ 'શબ્દ મંથન'નું પણ વિમોચન કરાયું હતું. કવિ હર્ષ પંડ્યા 'અમીર'ના સંચાલન હેઠળ યોજાયેલા કવિ સંમેલનમાં આશરે 37 કવિ-કવયિત્રીઓએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. સંગ્રહમાં કાલોલના કવિ રાકેશ ઠાકર 'તરંગ'ની બે ગઝલોનો પણ સમાવેશ થયો છે. સમગ્ર કાર્યક્રમનું સંકલન મહેન્દ્રસિંહ પઢિયાર 'મરમી' તથા દિલીપ ધોળકિયા 'શ્યામ'એ કર્યું હતું. કાર્યક્રમ સાહિત્ય, સર્જન અને કાવ્યપ્રસ્તુતિનો સુંદર સંગમ બન્યો હતો.

અંબાલા ચોકડી પાસે અલ્ટો કારની બાઈકને ટક્કર, ત્રણ યુવકો ઘાયલ

ગફલતભરી રીતે હંકારાતી કારની ટક્કરથી અકસ્માત; 108 મારફતે ગોધરા હોસ્પિટલ ખસેડાયા

(પ્રતિનિધિ) કાલોલ તા.2

કાલોલ તાલુકાના અંબાલા ચોકડી નર્મદા કેનાલ પાસે પુરઝડપે અને ગફલતભરી રીતે આવતી અલ્ટો કારના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર ત્રણ યુવકોને ઈજા પહોંચી હતી. બનાવ અંગે કાલોલ પોલીસ મથકે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ગોધરા તાલુકાના ગોલી ગામના રહેવાસી હરેશકુમાર સાનતસિંહ બારીઆ, તેમના ભાઈ તથા મિત્રો પોતાની મોટરસાયકલ પર હાલોલના ચંદ્રપુરા સ્થિત સીસકેમ ફ્લેટ ગ્લાસ કંપનીમાં નોકરી પર જઈ રહ્યા હતા. બપોરે આશરે બે વાગ્યે તેઓ અંબાલા ચોકડી પાસે પહોંચ્યા ત્યારે કાનોડ મોકળ તરફથી આવતી અલ્ટો કાર (GJ-09-BA-5769)ના ચાલકે આગળ જઈ રહેલી બાઈક (GJ-17-CC-3425)ને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્મતમાં બાઈકચાલક રૂપસીંગભાઈ નારસીંગભાઈ ડોડવા તથા પાછળ બેઠેલા અતુલકુમાર જીતેન્દ્રભાઈ બારીઆ અને મહેન્દ્રકુમાર રણજીતસિંહ બારીઆ રોડ પર પટકાયા હતા. ત્રણેયને શરીર તેમજ માથાના ભાગે ઈજાઓ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે ગોધરાની શિવમ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. અકસાતની જાણ થતાં આસપાસના લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક મદદ પહોંચાડી હતી.

હરેશકુમાર બારીઆની ફરિયાદના આધારે પોલીસે BNSની કલમ 281, 125(a) તથા મોટર વાહન અધિનિયમની કલમ 177 અને 184 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર ધીરેન્દ્રકુમાર જાદવને સોંપી છે.

ગાંધી જયંતિએ કાલોલ મામલતદાર કચેરી ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.2

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે કાલોલ મામલતદાર કચેરી ખાતે 'સેવા મેરા યોગદાન' અભિયાન અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સ્વચ્છતાને પ્રાધાન્ય આપી કચેરી પરિસરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સ્વચ્છતા તથા સેવાકીય પ્રવૃત્તિઓમાં યોગદાન આપનાર કાર્યકરો અને આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ નીરજભાઈ પટેલ, ભાજપ કાલોલ યુવા મોરચાના પ્રમુખ વિરેન્દ્રસિંહ, મહામંત્રી નરેન્દ્રભાઈ ગોહિલ તથા મંડળ પ્રમુખ મહિદીપસિહ ગોહિલ'સેવા મેરા યોગદાન'ના ઈન્ચાર્જ હર્ષભાઈ વ્યાસ સહિત ભાજપના કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ગાંધીજીના સ્વચ્છતાના સંદેશને જનજન સુધી પહોંચાડવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ સ્વચ્છતા જાળવવા અને સમાજમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ કર્યો હતો. કાર્યક્રમના અંતે સેવા અને સ્વચ્છતા ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરી તેમના સેવાભાવને બિરદાવવામાં આવ્યો હતો.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પાવાગઢ ખાતે સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

જિલ્લા કલેક્ટર અજય દહિયા સહિત સમગ્ર મહેસૂલી વિભાગ દ્વારા શ્રમદાન કરી સ્વછતા અભિયાનમાં સહભાગી થયા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

"સેવા સંકલ્પ અભિયાન" અભિયાનની ઉજવણી તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત મહેસૂલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સક્રિયપણે શ્રમદાન કરી સ્વચ્છતા તથા પર્યાવરણ જતનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

મહેસૂલ વિભાગ માટે તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સ્વચ્છતા અંગેની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે જિલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ પાવાગઢ ખાતે મહેસૂલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન મંદિર પરિસર તથા આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે શ્રમદાન કરવામાં આવ્યું હતું. અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સ્વચ્છતા પ્રત્યેની જવાબદારી નિભાવી હતી. "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત સ્વચ્છતા, પર્યાવરણ જતન અને જાહેર સ્થળોની સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવવા તેમજ સ્વચ્છ અને સુંદર મંદિર પરિસર નિર્માણ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ તકે નિવાસી અધિક કલેકટર જે જે પટેલ, હાલોલ પ્રાંત અધિકારી પટેલ સહિત મામલતદારઓ,નાયબ મામલતદા રઓ તથા મહેસુલ વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહી સફાઈ કાર્ય કર્યું હતું

ડિમાન્ડ નોટિસ

એડલવેસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવેસ હાઉસ, 1 લો માળ, ઓફ C.S.T. રોડ, કાલિના, મુંબઈ 400098

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 (1) સાથે વાંચતા ધ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (ધ એક્ટ)ની સેક્શન 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ.

અહીં ઉલ્લેખિત એસાઈનર દ્વારા નીચે જણાવેલ નાણાકીય અસ્કયામતો એડલવેસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ ને સોંપવામાં આવી છે, જે તેના પોતાના સિવાય અહીં ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે પણ કાર્ય કરે છે (જેને હવે પછી 'EARC' તરીકે ઓળખવામાં આવશે). સરાફેસી એક્ટ, 2002ની સેક્શન 5 હેઠળ થયેલા એસાઈનમેન્ટ કરારો અનુસાર, EARCએ એસાઈનરના સ્થાન પર આવીને ધારાધોરણો અનુસાર તમામ ગેરંટી, સિક્યોરિટીઝ વગેરે સાથેની નાણાકીય અસ્કયામતોના તમામ હકો અને અધિકારો મેળવ્યા છે અને ઋણ લેનાર અને EARC વચ્ચે ધિરાણકર્તા તરીકે EARC તમામ હકો ધરાવે છે.

એડલવેસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (EARC)ના અધિકૃત અધિકારી દ્વારા ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 (1) સાથે વાંચતા સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની સેક્શન 13 (12) હેઠળ મળેલી સત્તાની રૂએ, નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલા એસાઈનરના ઋણ લેનારાઓને સેક્શન 13 (2) હેઠળ ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવી છે, અને સંબંધિત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે.

તેના અનુસંધાનમાં, આ નોટિસ દ્વારા ઋણ લેનારાઓને ફરી એકવાર સૂચના આપવામાં આવે છે કે આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસની અંદર, સંબંધિત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ તેમજ ચૂકવણીની તારીખ સુધીનું વ્યાજ અને કરાર મુજબનો અન્ય ખર્ચ EARCને ચૂકવી દેવો. ઋણ લેનાર દ્વારા રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાના કિસ્સામાં, ઋણ લેનાર દ્વારા સિક્યોરિટી પેટે ગીરો મૂકવામાં આવેલી નીચે મુજબની મિલકત સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

ક્રમ	લોન એકાઉન્ટ નંબર	ટ્રસ્ટનું નામ અને સેલિંગ ઈન્સ્ટિટ્યુશન	ઋણ લેનાર /સહ- ઋણ લેનાર /ગેરેન્ટરનું નામ	13(2) નોટિસ તારીખ અને 13(2) નોટિસ રકમ
1	IL103 49525	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. ચરણ મનુભાઈ (ઋણ લેનાર) 2. ચરણ ધાકુબેન (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 5,22,178.89/- (રૂપિયા પાંચ લાખ બાવીસ હજાર એક સો અઠ્ઠોતેર અને પૈસા નેવ્યાસી માત્ર) 02-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): 144, શશી ફળિયા ગવાસ, કૂવા નજીક, શાળા પાસે, પંચમહાલ, ગુજરાત, 388713, ભારત, પંચમહાલ, ગુજરાત, 388713. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ ચરણ ગોપાલભાઈનું મકાન, દક્ષિણેઃ ચરણ વિઠ્ઠલભાઈનું મકાન, પૂર્વઃ ચરણ પ્રવીણભાઈનું મકાન, પશ્ચિમઃ ડામર રોડ				
2	IL103 52768	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. કમલાબેન રમેશભાઈ પટેલ (ઋણ લેનાર) 2. પટેલ રમેશભાઈ (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 3,49,505.11/- (રૂપિયા ત્રણ લાખ ઓગણપચાસ હજાર પાંચ સો પાંચ અને પૈસા અગિયાર માત્ર) 02-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): મિલકત નં. 1070, વિસ્તાર ક્ષેત્રફળ 1760 ચો.ફૂટ, ગામ કાલીડુંગરી ખાતે આવેલ, દેવગઢ, ગુજરાત, 389380. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ વિનોદભાઈનું મકાન, દક્ષિણેઃ માલિકીની મિલકત, પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ લક્ષ્મણભાઈનું મકાન				
3	IL105 61280	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. રમેશભાઈ સોલંકી (ઋણ લેનાર) 2. પ્રવીણભાઈ સોલંકી (સહહ-ઋણ લેનાર) 3. લલિતાબેન રમેશભાઈ સોલંકી (કો-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 2,57,648.43/- (રૂપિયા બે લાખ સત્તાવન હજાર છ સો અડતાલીસ અને પૈસા ત્રેતાલીસ માત્ર) 02-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): 826, ના ગણેશ ચોક, ટેકરા વાગો, આણંદ, ગુજરાત-388330, આણંદ, ગુજરાત, 388330. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ રસ્તો, દક્ષિણેઃ સોલંકી ભાઈલાલભાઈ પંજાભાઈનું મકાન, પૂર્વઃ સોલંકી કાનજીભાઈ મંગળભાઈનું મકાન, પશ્ચિમઃ સોલંકી શંકરભાઈ મોહનભાઈનું મકાન				
4	IL105 82442	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. પાગી જસવંતભાઈ (ઋણ લેનાર) 2. પાગી ચંપાબેન જસવંતભાઈ (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 3,74,810.44/- (રૂપિયા ત્રણ લાખ ચુમ્મોતેર હજાર આઠ સો દસ અને પૈસા ચોમાલીસ માત્ર) 02-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): 272, 272, ભાદરલા, ભાદરલા, પંચમહાલ, પંચમહાલ મામલતદાર, ગુજરાત-389210, પંચમહાલ, ગુજરાત, 389210. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ રમેશભાઈનું મકાન, દક્ષિણેઃ ભૂરાભાઈનું મકાન, પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ દિલીપભાઈનું મકાન				
5	IL10 6596 72	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. શાંતાબેન ઉદેસંગભાઈ પા વા (ઋણ લેનાર) 2. ઉદેસંગભાઈ ચતુરભાઈ પા વા (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 2,77,469.20/- (રૂપિયા બે લાખ સિત્તોતેર હજાર ચાર સો ઓગણ સિત્તેર અને પૈસા વીસ માત્ર) 02-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): મિલકત નં. 153, સર્વે નં. 216, નેદ્રા, વનચારા, વડોદરા, ગુજરાત-391430, વડોદરા, ગુજરાત, 391430. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરઃ પોતાની જમીન, દક્ષિણેઃ શૈલેષભાઈ પાવાનું મકાન, પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ પંચાયત ઓફિસ				
6	IL10 6661 79	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. સોલંકી અંકિતકુમાર (ઋણ લેનાર) 2. સોલંકી મગનભાઈ (કો-ઋણ લેનાર) 3. સોલંકી લલિતાબેન (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 4,27,122.23/- (રૂપિયા ચાર લાખ સત્તાવીસ હજાર એક સો બાવીસ અને પૈસા તેવીસ માત્ર) 02-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): 16/2, 16/2, છાછપુર, છાછપુર, ઉમરા, પંચમહાલ, પંચ મહાલ, ગુજરાત-388713, પંચ મહાલ, ગુજરાત, 388713. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ રસ્તો, દક્ષિણેઃ વડો પૂર્વઃ મગનભાઈનું મકાન, પશ્ચિમઃ દલપતભાઈનું મકાન				
7	IL10 7154 38	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. કાંતાબેન રમણભાઈ પઢીયાર (ઋણ લેનાર) 2. અર્જુનભાઈ રમણભાઈ પઢીયાર (સહ-ઋણ લેનાર) 3. રમણભાઈ ધુળાભાઈ પઢીયાર (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 7,14,416.24/- (રૂપિયા સાત લાખ ચૌદ હજાર ચાર સો સોળ અને પૈસા ચોવીસ માત્ર) 22-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): મિલકત નં. 1231, સર્વે નં. 1290, ઉમરાયા, નજીક ચામુંડા માતા મંદિર, લીમડી ચોક, તાલુકા પાદરા, વડોદરા, ગુજરાત-391440. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ ખાલી જમીન, દક્ષિણેઃ જસવંતસિંહ ઉદેસિંહનું ઘર, પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ ખાલી જમીન				
8	IL10 7301 11	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. નરેન્દ્રભાઈ રાઠોડ (ઋણ લેનાર) 2. રાઠોડ બચુભાઈ (સહ-ઋણ લેનાર) 3. રાઠોડ નીતાબેન (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 3,65,525.17/- (રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજાર પાંચ સો પચ્ચીસ અને પૈસા સત્તર માત્ર) 22-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): 626, 626, આભેટવા, આભેટવા, પંચમહાલ, પંચ મહાલ, ગુજરાત-389330, પંચ મહાલ, ગુજરાત, 389330. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ હિંમતભાઈ મગનભાઈ રાઠોડનું ઘર, દક્ષિણેઃ રમેશ રાઠોડનું ઘર, પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ વડો				
9	IL10 7631 99	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. રાઠોડ ભરતસિંહ (ઋણ લેનાર) 2. રાઠોડ ઉમેદબેન (કો-ઋણ લેનાર) 3. રાઠોડ રાજેન્દ્રસિંહ (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 3,71,931.05/- (રૂપિયા ત્રણ લાખ એકોતેર હજાર નવ સો એકત્રીસ અને પૈસા પાંચ માત્ર) 22-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): મિલકત નં. 48, ઘર નં. 45, તોરણ, તોરણ, ભાલણિયા, તોરણ, તોરણ, પંચમહાલ, પંચ મહાલ, ગુજરાત-389340, પંચ મહાલ, ગુજરાત, 389340. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ ધામભા અનિલભાનું ઘર, દક્ષિણેઃ હસમુખસિંહનું ઘર, પૂર્વઃ વડો, પશ્ચિમઃ રોડ				
10	IL10 7720 40	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. દક્ષાબેન જસવંતભાઈ પટેલ (ઋણ લેનાર) 2. પટેલ જસવંતભાઈ (કો-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 2,83,876.34/- (રૂપિયા બે લાખ ત્યાસી હજાર આઠ સો છોતેર અને પૈસા ચોત્રીસ માત્ર) 22-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): મિલકત નં. 1136, ઘર નં. 596, લેહડી ફળિયું, કાલુડીગારી, લેહડી ફળિયું, દાહોદ, દાહોદ, ગુજરાત-389380. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ રસ્તો, દક્ષિણેઃ અમરભાઈનું ખેતર, પૂર્વઃ સવાભાઈનું ખેતર, પશ્ચિમઃ ડોનાભાઈનું ઘર				
11	IL10 7958 86	IIFL હોમ ફાયનાન્સ લિમિટેડ / EARC ટ્રસ્ટ SC - 511	1. પ્રભાવતીબેન સોલંકી (ઋણ લેનાર) 2. સોલંકી ગબડભાઈ (સહ-ઋણ લેનાર)	22-09-2026 અને રૂ. 4,98,216.25/- (રૂપિયા ચાર લાખ અઠ્ઠાણું હજાર બસો સોળ અને પૈસા પચ્ચીસ માત્ર) 22-09-2026 મુજબ
ગીરવે મૂકેલી મિલકતની વિગત (મિલકતની વિગત): 162, 162, મોટું ફળિયું/રબારી વાસ, વડોદ્રા, આણંદ, ગુજરાત-388640. ચતુર્સીમા આ મુજબ છેઃ ઉત્તરેઃ રસ્તો, દક્ષિણેઃ સોમાભાઈનું ઘર, પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ રોડ				

જો ઉક્ત ઋણ લેનારાઓ ઉપર જણાવ્યા મુજબ EARCને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો EARC ઉક્ત એક્ટની સેક્શન 13 (4) અને લાગુ પડતા નિયમો હેઠળ ગીરવે મૂકેલી મિલકત સામે કાનૂની કાર્યવાહી હાથ ધરશે, જે સંપૂર્ણપણે ઋણ લેનારના જોખમે અને ખર્ચે રહેશે. ઋણ લેનારાઓને EARCની પૂર્વ લેખિત મંજૂરી વિના વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે ઉક્ત મિલકતોની ટ્રાન્સફર કરવા પર મનાઈ ફરમાવવામાં આવે છે. આ એક્ટ અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યક્તિ કાયદા અનુસાર કેદ અને/અથવા દંડની શિક્ષાને પાત્ર બનશે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 03.10.2026

અધિકૃત અધિકારી
એડલવેસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ માટે

Edelweiss
Asset Reconstruction